અપીલ અરજી નં.૩૩૦ તા.૫–૧–૧૦

અરજદારઃ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળાઃ ડે.કમિશ્નર (સ્પે.)અને જાહેર માહિતી અધિકારી, (રીક્રુટમેન્ટ)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૪–૧૨–૦૯ ની અરજીથી તા.૨૧–૧૧–૦૯ ની જાહેરાત નં.પીઆરઓ/૩૫૭ /૦૯–૧૦ માં બેલદારોની અને સફાઈ કામદારોની ખાલી સંખ્યા ૧૨૦૦ બિન અનામત ઉમેદવારોથી ભરવા અંગેના સ્થાયી સમતિનાં સામાન્ય સભાના ઠરાવની નકલ વિ. મુદૃા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૫–૧–૧૦ ની અપીલ અરજી નં.૩૩૦/૨૦૦૯–૧૦

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૪–૧૨–૦૯ ની અરજીથી તા.૨૧–૧૧–૦૯ ની જાહેરાત નં.પીઆરઓ/૩૫૭ /૦૯–૧૦ માં બેલદારોની અને સફાઈ કામદારોની ખાલી સંખ્યા ૧૨૦૦ બિન અનામત ઉમેદવારોથી ભરવા અંગેના સ્થાયી સમતિનાં સામાન્ય સભાના ઠરાવની નકલ વિ. મુદૃા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબતે પર્સોનલ ઓફિસર અને મદદનીશ જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૮૨૨ તા.૧૪–૧૨–૦૯ થી આપેલ માહિતી જુઠ્ઠી, અયોગ્ય તથા ગેરમાર્ગે દોરનારી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૫–૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૫૮ તા.૧૩–૧–૧૦ થી ડે.કમિશ્નર (સ્પે.)અને જાહેર માહિતી અધિકારી, (રીક્રુટમેન્ટ)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૯૩૪ તા.૨૨–૧–૧૦ થી નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/ ૧૨૦૮ તા.૭–૧૨–૦૯ નો તબદીલ પત્ર, નમુના–'ક' નીઅરજીની નકલ, અરજદારને માહિતી પુરી પાડવા પાઠવેલ પત્રની નકલ, તા.૨૧–૧૧–૦૯ થી જાહેરાત આપેલ તેની નકલ,એકનોલેઝમેન્ટ પહોંચની નકલ અત્રેના વિભાગને પહોંચતી કરવામાં આવેલ છે.

અરજદારની તા.૪–૧૨–૦૯ ની અરજીથી મુદૃા નં.૧ માં તા.૨૧–૧૧–૦૯ ની જાહેરાત નં.પીઆરઓ/ ૩૫૭ /૦૯–૧૦ માં બેલદારોની અને સફાઈ કામદારોની ખાલી સંખ્યા ૧૨૦૦ બિન અનામત ઉમેદવારોથી ભરવા અંગેના સ્થાયી સમતિનાં સામાન્ય સભાના ઠરાવની નકલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સુરત મહાનગરપાલિકાની તમામ જગ્યાઓ રાજય સરકાર ધ્વારા નકકી થયેલ રોસ્ટરને ધ્યાને લઈ જાહેરાત આપવામાં આવે છે. જે મુજબ હાલમાં ૧૨૦૦ બેલદાર–સફાઈકામદારની આલી જગ્યાને ધ્યાને લઈ જાહેરાત આપવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. મુદૃા નં.૨ માં આ જાહેરાતની જગ્યાઓ બિન અનામત ઉભેદવારોથી ભરવાની હોય તો પછી અનુસુચિત જાતિ–જનજાતી, બક્ષિપંચના ઉમેદવારો પાસે જાતિ અંગેના પ્રમાણપત્ર માંગવામાં આવેલ હોય જે અંગેની સ્પષ્ટા કરતી માહિતીની નકલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી જણાવેલ કે સામાન્ય વહીવટ વિભાગ, ગુજરાત સરકારના તા.૨૩–૯–૨૦૦૩ ના પરિપત્ર ક્રમાંક :૫વસ–૧૦૯૬–મુમ–૧૩/ગ–૪ના પરિપત્રના મુદૃા નં.૩ ની વિગતે જાતિ અંગેના પ્રમાણપત્ર માંગવામાં આવેલ છે. મુદૃ ાનં.૩ માં આ જાહેરાતની જગ્યાઓ બિન અનામત ઉમેદવારોથી ભરવાની હોય તો પછી વિકલાંગતા અંગેનું સિવિલ સર્જનનું સર્ટીફીકેટ માંગવામાં આવેલ હોય જે અંગેની સ્પષ્ટતા કરતી માહિતીની નકલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી જણાવેલ કે વધુમાં વિકલાંગતા ધરાવનાર ઉમેદવારોને રાજય સરકાર તરફથી આપવામાં આવતાં અન્ય હકકો વિ.ના લાભ તેઓને મળવાપાત્ર હોય છે. જેથી માહિતી અં ગે પ્રમાણપત્ર માંગવામાં આવેલ છે. મુદૃા નં.૪ માં આ જાહેરાતની જગ્યા બિન અનામત ઉમેદવારો ગંદી ગટરની ડ્રેનેજની મેન લાઈનની કુંડીમાં ઉતરીને ગંદકી સાફ–કરશેજ, મરેલા નાના–મોટા જાનવરો સડી ગયેલા ઉપાડવાનું ગંદુ કામ કરશેજ તે અંગેની સ્પષ્ટતા કરતી ગેરેન્ટીની માહિતીની નકલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી જણાવેલ કે આ જાહેરાતની જગ્યા માટે મંજુર કરવામાં આવેલ લાયકાત તથા વિનિયમો સ્વયં સ્પષ્ટ છે. જાહેરાતની નકલ સામેલ છે. મુદૃા નં.૫ માંઅગાઉ ૯૩ ડ્રાઈવરોની પ્રતિક્ષાયાદીની જાહેરાતમાં ફોર વ્હીલ હેવી વ્હીકલ ડ્રાઈવરોના અનુભવ વગર જાહેર માર્ગ પર જાહેર જનતાને જોખમમાં મુકી પસંદ કર્યા હોય તો પછી આ જાહેરાતમાં અનુભવના પ્રમાણપત્રની માંગણી અંગેની સ પષ્ટતા કરતી માહિતીની નકલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી જણાવેલ કે સદર કેડરમાં નકકી કરેલ લાયકાત તેમજ વિનિયમ મુજબ "લાયકાતમાં જણાવેલ ધોરણોમાં સૌથી ઓછુ ભણેલા તથા ઉપરોકત કામગીરીના અનુભવી ઉમેદવારોને પસંદગીમાં અગ્રતા આપવા જણાવવામાં આવેલ છે." જાહેરાતમાં સ્વયં સ્પષ્ટ જણાય છે.

અરજદારે અપીલ અરજીમાં કરેલ રજુઆત મુદૃા નં.૧ બાબતે આ જાહેરાતની તમામ ખાલી જગ્યાઓ બિન અનામત રાજય સરકાર ધ્વારા નકકી થયેલ રોસ્ટરને ધ્યાનમાં લઈ આપવામાં આવેલ છે. તો રોસ્ટર પધ્ધતી ની સ્પષ્ટ યોગ્ય અને સત્ય સાથેની સંપુર્ણ બિન અનામત–અનામતની વિગત સાથેની માહિતીની વર્ગીકૃત નકલ પુરી પાડવી જોઈએ અને આ જાહેરાત રાજય સરકાર ધ્વારા નકકી થયેલ રોસ્ટરને ધ્યાનમાં લઈ આપવામાં આવેલ હોય તો સુરત પ્રાદેશિક રોજગાર વિનિયમ કેન્દ્રમાંથી સદર કેડરની લાયકાતન અને વિનિયમવાળા ઉમેદવારની યાદી મંગાવવી જોઈએ. અરજી ફોર્મનું રૂા.૧૦/– માં બેકાર,ગરીબ ન્યુનતમ શૈક્ષણિક ઉમેદવારોને વેચાણ કરવાની જરૂર નહોતી. મુદૃા નં.૨ સામાન્ય વહીવટ

ગુજરાત સરકારના તા.૨૩–૯–૨૦૦૩ ના પરિપત્રની નકલનું બિડાણ કરેલ નથી. મુદ્દા નં.૩ વિકલાંગતા ધરાવતા ઉમેદવારોની રાજય સરકાર ધ્વારા અથવા આપની કચેરી ધ્વારા અમુક ટકા ખાલી જગ્યાઓ સ્પેશિયલ કક્ષા તરીકે અલગથી અનામત ફાળવવી જોઈતી હતી. મુદા નં.૪ ની આપેલ માહિતી માંગેલ માહિતીથી સુસંગત આપેલ નથી. મુદ્દા નં. ૫ માં લાયકાતમાં જણાવેલ ધારાધોરણોમાં સૌથી ઓછુ ભણેલા તથા ઉપરોકત કામગીરીના અનુભવી ઉમેદવારોને પસંદગીમાં અગ્રતા આપવામાં આવશે આ માહીતી માંગેલ માહિતી સાથે સુસંગત યોગ્ય નથી. એમ જણાવી અપીલ કરેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨–(જે) હેઠળ જાહેર માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની ઉપલબ્ધ દફતરની માહિતી પુરી પાડવાની જોગવાઈ છે.

જાહેર માહિતી અધિકારી ધ્વારા મુદ્દા નં.૧ અંગે જાહેરાતની નકલ ફાળવેલ છે. જે સ્વયં સ્પષ્ટ છે. મુદ્દા નં.૨ તથા ૩ ની તર્ક સંગત હકીકતલક્ષી નિયમોનુસારની માહિતી જાહેર માહિતી અધિકારીએ પૂરી પાડેલ છે. મુદ્દા નં.૪ અને ૫ અંગે અરજદારે અનુમાન અને ધારણા આધારીત માહિતી માંગેલ છે જે આ કાયદાની જોગવાઈથી સુસંગત નથી. અપીલ તબકકે અરજદારે પરિપત્રની નકલ વિગેરે અલાયદી માંગણી કરેલ છે. જયારે બાકીના મુદ્દાઓ અંગે નિયત ભરતી નિયમો અન્વયે અપાયેલ જાહેરાતમાં સૂચન સ્વરૂપે મુદ્દા ઉપસ્થિત કરી સ્પષ્ટતાઓ માંગેલ છે. જે કાયદાની કલમ–૨(એફ) તથા (જે) સાથે સુસંગત નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૪–૧૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ માહિતી પુરી પડાયેલ હોય અરજી અંગે કાંઈ કરવાનું રહેતુ નથી. અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૨ –૧૦.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર (સ્પે.)અને જાહેર માહિતી અધિકારી, (રીક્રુટમેન્ટ) ....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર